# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27/01/2026** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે ગાંધીનગરના અડાલજમાં 'સમૈયો મહોત્સવ'માં ઉપસ્થિત રહેશે.**
2. **રાજ્યમાં માદક પદાર્થની હેરાફેરી કરનારા 5 હજાર 400થી વધુ શખ્સને જેલમાં બંધ કરાયા.**
3. **ગાંધીનગરના કલોલમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની તબીબી સંસ્થાનું નિર્માણ કરાશે.**
4. **આગામી 24 કલાક દરમિયાન રાજ્યમાં ઠંડી વધવાની શક્યતા.**
5. **WPL ક્રિકેટમાં, આજે વડોદરામાં ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલો.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે રાજ્યના પ્રવાસે આવશે. તેઓ ગાંધીનગરના અડાલજમાં 'સમૈયો મહોત્સવ'માં ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે શિક્ષાપત્રી લેખનના 200 વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે. જમીયતપુરા રોડ પર પર્વ મેદાન ખાતે આ કાર્યક્રમ યોજાઇ રહ્યો છે. ત્યારે કેન્દ્રીય ગૃહ મંત્રીના આગમનને પગલે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવાયો છે.

# SANGHAVI LOTHAL

રાજ્યમાં માદક પદાર્થની હેરાફેરી કરનારા 5 હજાર 400થી વધુ શખ્સને જેલમાં બંધ કરાયા છે. મકરબા ખાતે અમદાવાદ ગ્રામીણ જિલ્લા પોલીસ મુખ્યાલય ખાતે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યા બાદ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે માદક પદાર્થના માળખા સામે "શૂન્ય સહિષ્ણુતા સાથે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તેમણે સમારોહમાં રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો અને સલામી આપી હતી. શ્રી સંઘવીએ ઉમેર્યું, લોથલ દરિયાઈ વારસા સંકુલ દેશનો વેપાર ઇતિહાસ વિશ્વ સમક્ષ રજૂ કરશે.

**બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી**

# REPUBLIC DAY - DISTRCT

રાજ્ય સહિત દેશભરમાં ગઇકાલે **77** માં પ્રજાસત્તાક પર્વની હર્ષોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. મહેસાણામાં જિલ્લા પ્રભારી મંત્રી પ્રવીણ માળીએ રાષ્ટ્રધ્વજ ફરકાવી પરેડની સલામી ઝીલી હતી. સાંભળીએ એક અહેવાલ...

**V/C –જયંતિ ચૌધરી**

વડોદરાના વાઘોડિયા ખાતે રાજ્યમંત્રી કમલેશ પટેલે રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી હતી. આ પ્રસંગે તેમણે રાજયને વિકસિત ભારતમાં દેશનુ ગ્રોથ એન્જીન તરીકે વિકાસની રાહે આગળ વધારવા આહવાન કર્યું હતું.

જિલ્લા કક્ષાની ઉજવણી અંતર્ગત જામનગરના કાલાવડમાં કલેક્ટર કેતન ઠક્કર દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી અપાઈ હતી. શહેર કક્ષાની ઉજવણીમાં વોર્ડ નંબર છ ખાતે મેયર વિનોદ ખીમસુરીયાએ ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે તેમણે લોકોને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા આપીલ કરી હતી.....

બાઈટ : મેયર વિનોદ ખીમસુરીયા

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે નર્મદા નિગમના **CMD** મુકેશ પુરીએ ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે વિશેષ કામગીરી કરનાર કર્મચારીઓનું પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. કેન્દ્રશાસિત પ્રદેશ દીવના પાણીકોઠા તથા સિમરમાં વિવિધ સ્થળોએ રાષ્ટ્રીય ધ્વજ ફરકાવી પ્રજાસત્તાક દિવસ ઉજવાયો હતો.

# KUTCH KHADI FLAG

કચ્છના ધોરડોમાં 77મા પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે વિશ્વનો સૌથી મોટો ખાદીનો રાષ્ટ્ર ધ્વજ લેહરાવાયો. રાષ્ટ્રવાદની સામૂહિક ભાવનાને જાળવી રાખવા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આ સ્મારક રાષ્ટ્રધ્વજ તૈયાર કર્યો હોવાનું ખાદી ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ મનોજ કુમારે જણાવ્યું,

બાઈટ - મનોજ કુમાર, ખાદી ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# INTERNATIONAL MEDICITY

ગાંધીનગરના કલોલમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની તબીબી સંસ્થા એટલે કે 'ઇન્ટરનેશનલ મેડિસિટી' નું નિર્માણ કરાશે. ગાંધીનગર ખાતે **77**મા પ્રજાસત્તાક પર્વ' નિમિત્તે યોજાયેલા ધ્વજવંદન કાર્યક્રમમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ.જયંતી રવિએ આ જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યું કે, 13 હજાર કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનાર આ સંસ્થા ગાંધીનગરને વિશ્વના આરોગ્ય માળખામાં અગ્રેસર બનાવશે.

બાઇટ : ડૉ.જયંતી રવિ, અધિક મુખ્ય સચિવ

# TAPI LOKARPAN

તાપી જિલ્લા વ્યારા ખાતે રાજ્યકક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલે કાર્યપાલક ઈજનેર, વેર યોજના વિભાગ- **2**ની નવનિર્મિત કચેરીનું લોકાર્પણ કર્યું.

અંદાજે બે કરોડથી વધુના ખર્ચે બનેલી આ કચેરીના લોકાર્પણ પ્રસંગે ધારાસભ્ય મોહન કોંકણી સહિત સિંચાઈ વિભાગના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# PADMASHRI REACTION

કેન્દ્ર સરકારે વર્ષ 2026ના 131 પદ્મ પુરસ્કારોની જાહેરાત કરી છે. તેમાં સુરતના નિલેશ વિનોદચન્દ્ર માંડલેવાલાને સામાજિક કાર્ય માટે પદ્મશ્રી પુરસ્કાર આપવાની જાહેરાત થઈ છે.

રાજ્યમાં અંગદાનની પ્રવૃત્તિના પ્રણેતા તરીકે ઓળખાતા શ્રી માંડલેવાલા ડૉનેટ લાઈફ સંસ્થાના સ્થાપક છે. વર્ષ 2006માં સુરતથી અંગદાન સેવાની શરૂઆત કરનારા નિલેશ માંડલેવાલાએ પ્રતિક્રિયા આપી.

બાઇટ : નિલેશ માંડલેવાલા

# MEHSANA WINTER FEST 2026

મહેસાણામાં આગામી 30 જાન્યુઆરીથી ‘મહેસાણા વિન્ટર ફેસ્ટ ૨૦૨૬’નો પ્રારંભ થશે. મહેસાણા મહાનગર પાલિકા દ્વારા આયોજિત આ ઉત્સવ પહેલી ફેબ્રુઆરી સુધી યોજાશે, જેનો હેતુ સ્થાનિક કલાકારો, કારીગરો અને વેપારીઓને પ્રોત્સાહન આપી શહેરની સમૃદ્ધ સંસ્કૃતિને નવી ઓળખ આપવાનો છે.

વિન્ટર ફેસ્ટ દરમિયાન સ્થાનિક હસ્તકળા, સાંસ્કૃતિક કાર્યક્રમો, સંગીત-નૃત્ય રજૂઆતો સહિતની વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ યોજાશે. આ ઉત્સવના માધ્યમથી શહેરના ઉદ્યમીઓને પોતાના ઉત્પાદનો લોકો સુધી પહોંચાડવાની તક મળશે.

# DIU KHODIYAR JAYANTI

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના વણાકબારા ખાતે આઈશ્રી ખોડિયાર માતાની જન્મ જ્યંતીની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી. મેઘાવાડી સ્થિત શ્રી ખોડિયાર માતા મંદિર પર વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું. મંદિરે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. ભક્તોએ પૂજા અર્ચના તથા દર્શનનો લાભ લઇ ધન્યતા અનુભવી હતી.

# WEATHER

આગામી 24 કલાક દરમિયાન રાજ્યમાં ઠંડી વધવાની શક્યતા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાનના પારામાં વધારો થશે.

# CRICKET-WPL

મહિલા પ્રીમિયર લીગ-**WPL** ક્રિકેટમાં, આજે વડોદરાના કોટામ્બી સ્ટેડિયમમાં ગુજરાત જાયન્ટ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાશે. આ મેચ સાંજે સાડા વાગે શરૂ થશે.

**ગઇકાલે મુંબઈ ઈન્ડિયન્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 15 રનથી હરાવ્યું. ચાલુ સિઝનમાં ત્રીજી જીત સાથે, મુંબઈ ઈન્ડિયન્સ પાસે પ્લેઓફમાં જગ્યા બનાવવાની હજુ પણ તક છે.**

**બીજી તરફ, RCB સતત બે મેચ હારી ગઈ છે, અને ફાઇનલમાં ક્વોલિફાય થવાનો તેનો માર્ગ હજુ પણ ખુલ્લો છે.**

---------------------------------------------------------------